અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૮ | ૨૮ ઓગસ્ટ, ૨૦૨૦, શુક્રવાર; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૯૦ |
| અમદાવાદ | ૧૬૩ |
| ગાંધીનગર | ૩૩ |

# જીએસટી કલેક્શનમાં ૨.૩૫ લાખ કરોડ ઘટશે

**રાજ્યોને જીએસટી વળતર માટે આરબીઆઈ જ આધાર : વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જીએસટી કાઉન્સિલની બેઠક યોજાઇ : જીએસટી કલેક્શનમાં રૂ.૨.૩૫ લાખ કરોડની ઘટ પડશે : રાજ્યોને વળતર આપવા માટે બે પ્રકારના વિકલ્પો પર વિચારણા, દ્વિચક્રિય વાહનો પર વેરામાં ઘટાડો કરવા અંગે કોઈ નિર્ણય ન લેવાયો : નાણાં પ્રધાને કોવિડ-૧૯ને 'એક્ટ ઓફ ગોડ તરીકે ગણાવ્યો**



ન્યુ દિલ્હી,તા.૨૭

દેશ કોરોના વાયરસ સંકટથી પસાર થઈ રહ્યો છે ત્યારે સામે રાજ્યો તંગીથી પરેશાન થઈ રહ્યા છે ત્યારે આજે જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક મોટા નિર્ણય લેવામાં આવ્યા છે. નાણાં પ્રધાને કોવિડ-૧૯ને 'એક્ટ ઓફ ગોડ તરીકે ગણાવ્યો છે.

સરકારે કહ્યું છે કે કોરોના મહામારીને કારણે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના કલેક્શનમાં ખૂબ મોટો ઘટાડો આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જીએસટી કલેક્શનમાં ૨.૩૫ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.

જીએસટી પરિષદની બેઠક બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યુ કે સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે રાજ્યોને જીએસટીની ક્ષતિપૂર્તિના રૂપમાં ૧.૬૫ લાખ કરોડ રૂપિયા જાહેર કર્યા છે. જેમાં માર્ચના ૧૩,૮૦૬ કરોડ રૂપિયા પણ સામેલ છે. તેમણે કહ્યુ કે જીએસટી ક્ષતિપૂર્વ માટે એકત્રિક ઉપકર (સેસ) ૯૫,૪૪૪ કરોડ

● અનુસંધાન પાના - ૭ પર

# લદ્દાખમાં પરિસ્થિતિ ૧૯૬૨ કરતાં પણ ગંભીર : જયશંકર

**ચીન સાથેના ઘર્ષણ મુદ્દે પહેલીવાર મંત્રીનો સ્વીકાર : ૧૯૬૨ પછી, ખાસ છેલ્લાં ૪૫ વર્ષમાં પહેલીવાર આપણા જવાનો શહીદ થયા અને સ્થિતિ ધાર્યા કરતાં ગંભીર હતી**

નવી દિલ્હી, તા. ૨૭

લદ્દાખમાં સ્થિતિ અત્યંત સ્ફોટક હોવાનો સ્વીકાર વિદેશમંત્રી એસ જયશંકરે કર્યો છે. વિદેશ મંત્રી જયશંકરે પહેલીવાર ભારત-ચીન તનાવ અંગે બોલતાં સ્વીકાર્યું હતું કે લદ્દાખ સરહદ પર પરિસ્થિતિ ગંભીર છે. ૧૯૬૨ પછી અને ખાસ તો છેલ્લાં ૪૫ વર્ષમાં પહેલીવાર આપણા જવાનો શહીદ થયા હતા. સ્થિતિ ધાર્યા કરતાં વધુ ગંભીર હતી.

તેમણે કહ્યું કે લાઈન ઑફ કન્ટ્રોલ પર બંને દેશના લશ્કરી જવાનો મોટી સંખ્યામાં હાજર હતા. તેમણે લદ્દાખ મોરચે ભારતના વલણને સ્પષ્ટ કરતાં કહ્યું કે સમાધાનની ફોર્મ્યુલા બંને પક્ષને સરખી રીતે લાગુ પડતી હોવી જોઈએ. ભારત એકપક્ષી સમાધાન નહીં સ્વીકારે.

તેમણે ઉમેર્યું કે છેલ્લા એક દાયકામાં ચીન સાથે ઘણીવાર સંઘર્ષ થયો હતો. ડેપસાંગ, ચૂમર અને ડોકલામ નામના સ્થળે સરહદી વિવાદ થતો રહ્યો હતો. હાલનો સંઘર્ષ એ તમામ સંઘર્ષો કરતાં જુદા પ્રકારનો છે. જો કે તમામ વિવાદોનો એક નિષ્કર્ષ હતો કે સમાધાન કૂટનીતિ દ્વારા થવું જોઈએ. લડાઈથી બંને પક્ષને વધતું ઓછું નુકસાન થવાનું જ હતું. જો કે આપણે કૂટનીતિ અને લશ્કરી પગલાં બંને રીતે ચીન સાથેના મામલાને હલ કરી રહ્યા છીએ.



ભારત-ચીન સંબંધ વિશે બોલતાં તેમણે કહ્યું કે આ બંને દેશો હાથ મિલાવીને કામ કરે તો આ આખી સદી એશિયાની હશે. આ બે પાડોશી વચ્ચે સુમેળ રહે એ સૌના હિતમાં છે. કેટલીક સમસ્યા બંને પક્ષે છે એ હકીકત હું સ્વીકારું છું. અત્યાર અગાઉ ચીફ ઑફ ડિફેન્સ જનરલ બિપિન રાવત કહી ચૂક્યા હતા કે ચીન સાથેની આપણી વાટાઘાટો નિષ્ફળ જાય અને જરૂર પડે તો આપણે લશ્કરી પગલાં માટે પણ તૈયાર છીએ.

# સુપ્રિમે તાજિયા જુલુસ કાઢવાની અરજી ફગાવી

ન્યુ દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે મોહરમ જુલુસ કાઢવાની માંગણીને ફગાવી દીધી છે. ટોચની અદાલતે કહ્યું છે કે જો જવ્વાબે સમગ્ર દેશમાં મોહરમ જુલુસ કાઢવાની માંગણી કરતી અરજી કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી છે. નામે નિશાન બનાવવામાં આવશે અને સુપ્રીમ કોર્ટ આવું ઈચ્છતી નથી. ટોચની અદાલતે કહ્યું છે કે એવો કોઈ જ આદેશ આપવામાં

**એક સમુદાયને કોરોના માટે લોકો દોષ આપવા લાગશે : સુપ્રિમ**

જુલુસ કાઢવાની મંજૂરી આપવામાં આવશે તો અરાજકતા ફેલાશે. આ સાથે સુપ્રીમ કોર્ટે પુરીની રથયાત્રાને કાઢવાની કેમ મંજૂરી આપી હતી તે પણ જણાવ્યું છે. શિયા ધર્મગુરૂ મોલાના કલ્બે

કોર્ટે અરજી ફગાવી દેતા કહ્યું છે કે જો અમે જુલુસ કાઢવાની મંજૂરી આપવામાં આવશે તો અરાજકતા ફેલાશે અને વધુ એક વખત એક સમુદાયને કોરોના ફેલાવવાના નહીં આવે જેનાથી લોકોના સ્વાસ્થ્ય સામે ખતરો ઊભો થાય. ચીફ જસ્ટિસ એસએ બોબડેની બેન્ચે કહ્યું છે કે મોહરમ જુલુસ માટે કોઈ સ્પષ્ટ સ્થાન હોતું નથી,

● અનુસંધાન પાના - ૭ પર



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૪૩૯૪૨૭૫ | ૮૩૦૮૨૨ | ૧૬૯૨૫૪૨૭ |
| ભારત | ૩૩૪૭૦૯૨ | ૬૧૦૫૨ | ૨૫૫૪૦૬૨ |
| ગુજરાત | ૯૧૩૨૯ | ૨૯૬૪ | ૭૩૬૦૧ |
| ગાંધીનગર | ૨૩૨૧ | ૧૩૦ | ૧૯૦૯ |

# દેશમાં કોરોના બેકાબૂ : નવા ૭૫૭૬૦ કેસ

**છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨૩ મોત : દેશમાં ચેપગ્રસ્તોની કુલ સંખ્યા ૩૩ લાખને પાર : રિકવરી રેટ ૭૬.૨૯ ટકા, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૬૦૧૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થયા**

નવી દિલ્હી, તા. ૨૭

ભારતમાં અત્યાર સુધીમાં પહેલીવાર ૨૪ કલાકની અંદર કોરોના વાયરસના ચેપગ્રસ્તોના કેસનો આંકડો ૭૫૦૦૦થી વધુનો નોંધાયો છે.સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારે દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૩ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૭૫૭૬૦ કેસ નોંધાતા કુલ કેસ ૩૩૧૦૨૩૪ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૬.૨૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૬૦૧૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૫૨૩૭૭૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૦૪૭૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- સુરતના ધારાસભ્ય હર્ષ સંઘવી કોરોનાથી સંક્રમિત
- કેન્દ્રિય મંત્રી કૃષ્ણ પાલ ગુર્જર કોરોનાથી સંક્રમિત
- રાજકોટ પોલીસ કમિશનરની કાર સાથે અથડાતા બાઈકનું મોત
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિ સહિત ૨૧ કર્મચારી - અધિકારીઓ કોરોનાથી સંક્રમિત
- એક કરોડ સિત્તેર લાખ પ્રોપર્ટી ટેક્સ બાકી હોવાને કારણે અમદાવાદ એરપોર્ટ ઓથિરિટીના ડિરેક્ટરની ઓફિસ સિલ કરાઈ

## ગુજરાતના ૧૨ જિલ્લાઓને યુનિવર્સિટી મળશે

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ માટે હોદ્દેદારો સાથે અનેક ચર્ચા-વિચારણા કર્યા પછી, રાજ્યના શિક્ષણ વિભાગે ૧૨ કોલેજોની ઓળખ કરી છે, જે દરેક જિલ્લામાં એક-એક યુનિવર્સિટીમાં ફેરવાશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર, દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક યુનિવર્સિટી હોવી જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે તાત્કાલિક અમલીકરણ યોજનાના ભાગરૂપે ૧૨ જિલ્લાઓ જ્યાં યુનિવર્સિટીઓ નથી તેની ઓળખ કરી છે.

# રાજ્યો એસસી/એસટી સમુદાયમાં કેટેગરી બનાવી શકે : સુપ્રીમ

**અનામત અંગે મહત્વપૂર્વ નિર્ણય : સુપ્રીમની સાત જજોની ખંડપીઠને મેટર મોકલાઈ : અન્ય જ્ઞાતિઓની સરખામણીએ પ્રાધાન્ય અંગે નિર્ણય લેવાયો**

નવી દિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું છે કે રાજ્યો અનામત માટે એસસી/એસટી સમુદાયમાં કેટેગરી પણ બનાવી શકે છે. અદાલતે આ નિર્ણય એટલા માટે લીધો છે કે એસસી /એસટીમાં આવતી કેટલીક જ્ઞાતિઓને બાકીની જ્ઞાતિઓની સરખામણીએ અનામત માટે વધુ પ્રાધાન્ય આપી શકાય. ૨૦૦૪ની શરૂઆતમાં ઈ.વી. ચિન્નૈયા વિ. આંધ્રપ્રદેશ રાજ્યના કેસમાં સુપ્રીમ કોર્ટના બંધારણીય બેંચે ચુકાદો આપ્યો હતો કે કોઈ પણ વર્ગને મળેલા ક્વોટામાં બીજા ક્વોટાની મંજૂરી નથી. કોર્ટે આ મામલાને વધુ વિચારણા માટે લીધો છે. કોર્ટે આ મામલાને સાત ન્યાયાધીશોની ખંડપીઠને મોકલી આપ્યો છે.

કોર્ટે બંધારણ પીઠને એસસી / એસટીની અંદર ક્રીમી લેયર પર પુનર્વિચારણા કરવા જણાવ્યું છે. કોર્ટે પોતાના આદેશમાં રાજ્યોને આવા જૂથોને ક્વોટાનો લાભ આપવા માટે સત્તા આપી છે, જે અનામતનો લાભ મેળવી શક્યા ન હતા. ગુરુવારે બેન્ચે કહ્યું કે, "આવા વર્ગીકરણ બંધારણની કલમ ૩૪૧ હેઠળ રાષ્ટ્રપતિના આદેશથી ચેડા નહીં કરે." ન્યાયમૂર્તિ અરુણ મિશ્રાએ કહ્યું, 'જો રાજ્યમાં અનામત આપવાની શક્તિ છે, તો તે તેનો લાભ તે પેટા જાતિઓને આપી શકે છે, જેઓ પહેલા તેનો લાભ લેવામાં અસમર્થ હતા.

જસ્ટિસ ઈન્દિરા બેનર્જી, વિનીત સારન, એમઆર શાહ અને અનિરુધ બોઝની બનેલી

● અનુસંધાન પાના - ૭ પર

# સિરિયામાં અમેરિકા-રશિયાના સૈનિક ઝઘડ્યા

દમિશ્ક, તા. ૨૭

દુનિયાની બે મહા સત્તા ગણાતા અમેરિકા અને રશિયાના સૈનિકો વચ્ચે યુદ્ધગ્રસ્ત સિરિયામાં મારામારી થઈ ગઈ છે. અહેવાલ વીડિયો ફૂટેજમાંથી ખબર પડે છે કે રશિયાએ હેલિકોપ્ટરનો ઉપયોગ પણ કર્યો હતો.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે એક નિવેદન જાહેર અને રશિયાના આર્મર્ડ વ્હીકલને ટક્કરી મારી દીધી હતી. તેનાથી કેટલાક સૈનિકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે. તણાવ ઘટાડવા માટે અમે તે વિસ્તારમાંથી હટી ગયા

**૪ અમેરિકી સૈનિકોને ઈજા પહોંચી હોવાના અહેવાલ : ઉત્તરપૂર્વ સિરિયામાં તેમના સૈનિકો અને રશિયાના સૈનિકો આમે-સામે આવી ગયા હતા**

પ્રમાણે રશિયાના સૈનિકો ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યા હતા ત્યારે તેમણે તેમના આર્મર્ડ વ્હીકલથી અમેરિકાના સૈનિકોને ટક્કર મારી દીધી હતી. આ ઝપાઝપીમાં અમેરિકાના ચાર સૈનિકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે. કરીને જણાવ્યું છે કે, આ ઘટના ૨૫ ઓગસ્ટ સવારે ૧૦ વાગ્યાની છે. તેમણે જણાવ્યું છે કે, ઉત્તરપૂર્વ સિરિયામાં તેમના સૈનિકો અને રશિયાના સૈનિકો આમે-સામે આવી ગયા હતા. આ દરમિયાન વિવાદ થઈ ગયો છીએ.

અમેરિકાએ જણાવ્યું છે કે, રશિયાની સેનાનો અસુરક્ષિત અને નોન પ્રોફેશનલ વલણ અમેરિકા અને રશિયાની વચ્ચે સંઘર્ષ રોકવા માટે બનાવવામાં આવેલા પ્રોટોકોલનું ઉલ્લંઘન છે.

# ભારતમાં ઓક્સફોર્ડની વેક્સિન બે ડોકટરને અપાઈ

નવી દિલ્હી, તા. ૨૭

ભારતમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ બીજા અને ત્રીજા સ્ટેજમા ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે. પુણેની ભારતી હોસ્પિટલમાં બે લોકોને પહેલો ડોઝ આપવામા આવ્યો છે. એમાંના એક ૪૮ વર્ષના વોલેન્ટિયર

**પુણેની ભારતી હોસ્પિટલમાં બે ડોકટરોને પહેલો ડોઝ : વેક્સિનના ટ્રાયલમાં વોલેન્ટિયર્સની ભારે ભીડ, પુણેની ૪ જગ્યાઓ પર ૨૫૦-૩૦૦ વોલેન્ટિયર્સ એકઠા થયા હતા**

પુણેની એક ખાનગી હોસ્પિટલમાં ગાયનાકોલોજિસ્ટ છે, જ્યારે બીજા વોલેન્ટિયર ૩૨ વર્ષના એક ડૉકટર છે, જે એક ખાનગી કંપનીમાં કામ કરે છે. વેક્સિનનો પહેલો ડોઝ ૩૨ વર્ષના વોલેન્ટિયરના બુધવારે બપોરે ૧ કલાક અને ૩૫ મિનિટે આપવામાં આવ્યો જ્યારે બીજા વોલેન્ટિયરને આ વેક્સિન ૧૫ મિનિટ પછી ૧ વાગ્યા અને ૫૦ મિનિટે આપવામાં આવ્યો હતો. ઓક્સફોર્ડની કોવિશીલ્ડ વેક્સિનનો ડોઝ આપનાર ૪૮ વર્ષના ગાયનેકોલોજિસ્ટ ૧૦ વર્ષ પહેલા પણ સ્વાઈન ફ્લુની વેક્સિનને ક્લિનિકલ ટ્રાયલમાં વોલેન્ટિયરના તરીકે ભાગ લઈ ચૂકયા છે. વેક્સિનના ટ્રાયલ દરમિયાન વોલેન્ટિયર્સની ભારે ભીડ જોવા મળી હતી. પુણેની ૪ જગ્યાઓ પર ૨૫૦-૩૦૦ વોલેન્ટિયર્સ એકઠા થયા હતા. જેમાંથી સ્ક્રિનિંગ માટે કેટલાક લોકોનું નામાંકન કરવામાં આવ્યું. વેક્સિનનો ડોઝ લેનાર ગાયનેકોલોજિસ્ટએ કહ્યું કે, હું આ ટ્રાયલમાં ભાગ લેતી વખતે ઉત્સાહિત નથી કારણકે હું આ વાઈરસથી કેટલાય લોકોને મરતા જોઉં છું. વેક્સિન જ આ વાયરસનો એક ઉપાય છે.

ભારતી વિદ્યાપીઠએ સ્વાસ્થ્ય વિજ્ઞાન વિભાગની કાર્યકારી નિર્દેશક ડૉક્ટર અસ્મિતા જગતાપે કહ્યું કે, આ સંસ્થામાં છેલ્લાં ૧૫ વર્ષોમા ૫૦થી વધુ ક્લિનિકલ ટ્રાયલ થઈ ચૂક્યા છે.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE 0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years

રાબેતા મુજબ મળશે
ડો. હિતેશ ચોક્સી
એમ.ડી. (સ્કીન) ડીએચએ.એમઓએચ. (દુબઈ)
ભૂતપૂર્વ કન્સલ્ટીંગ સ્કીન સ્પેશીયાલીસ્ટ
અમેરિકન મેડીકલ એન્ડ ડાયાગ્નોસ્ટીક સેન્ટર-દુબઈ (યુ.એ.ઈ.)
૩૩ વર્ષનો અનુભવ ધરાવનાર
સુપર સ્પેશીયાલીસ્ટ
ખુજલી ● ખંજવાળ ● શીળસ ● સ્કીન એલર્જી ● ખીલ ● ખરતા વાળ તથા ચામડીના અન્ય રોગોના નિષ્ણાત
(ગડગુમડ-ગરમી, દાદર, ખરજવું, કણી-કપાસી-મસા)
સમય : સવારે ૧૧ થી ૩ (રવિવારે રજા)
૨૧૩, અનિલકુંજ સેન્ટર, બીજો માળ, શેફાલી સેન્ટરની બાજુમાં, પાલડી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ-૬ • Mo.9106580698
આગલા દિવસે ફોન ઉપર એપાઈમેન્ટ લઈનને બતાવવા આવવું.
જાહેરાતનું કટીંગ લાવનારને ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.